જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી જિલ્લા (પંચાયત) કચેરી હસ્તકની અનુ.જાતિ કલ્યાણ ખાતાની શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય યોજનાની રકમ સીધે સીધી લાભાર્થીઓના ખાતામાં ઓન લાઇન ચુકવણી કરવા બાબત. ( ડીઝિટલ ગુજરાત પોર્ટલ અંતર્ગત)

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક-અજાક/૧૦૨૦૧૭/૨૬૧૫૪૫/૧૮૨૧/ગ
સચિવાલય ગાંધીનગર
તારીખ ૧૯ /૦૫/૨૦૧૭

વંચાણે લીધા :-

(૧) નાણા વિભાગના તા. ૬/૧૨/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક તજર/ ૨૦૦૩/ ૭૦૮/ ઝ
(૨) નાણા વિભાગના તા. ૨૩/૨/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક તજર/ ૨૦૦૩/ ૭૦૮/ ઝ
(૩) નાણા વિભાગના તા. ૩૦/૦૪/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક ઇપીટી/૧૦૨૦૧૨/સીએસઓ-૨૧/ઝ
(૪) નાણા વિભાગના તા. ૨૩/૦૪/૨૦૧૪ ના પરિપત્ર ક્રમાંક: અપબ/૧૦૨૦૧૪/૫૭૦/ક
(૫) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણના તા.૦૧/૦૫/૨૦૧૭ ના પત્ર ક્રમાંક-અજાક-ગ-૧/૫/ ૨૦૧૭-૧૮/૧૮૨૧

ઠરાવ:-

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ-૧ થી ૪ પરના નાણા વિભાગના ઠરાવ/પરિપત્ર થી પ્રસ્તુત બાબત કાર્ય પધ્ધતિથી ઠરાવેલ છે. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમ ૫ પરના નિયામક અનુસુચિત જાતિ કલ્યાણનાતા. ૧/૦૫/૨૦૧૭ ના પત્રથી જિલ્લા સમાજ કલ્યાણઅધિકારીશ્રી (જિલ્લા પંચાયત) કચેરી હસ્તકની યોજનાઓનું.ચુકવણું. ઓનલાઇન કરવા બાબતે દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે હાલ જિલ્લા પંચાયતના હિસાબી અધિકારીશ્રીને ગુજરાત તિજોરી નિયમ ફોર્મ-૬૨ સી તેમજ જી.પી.એફ તથા જૂથ વિમા યોજના ના બિલો તિજોરીમાંથી ઉપાડવાની સત્તા છે. આથી શિષ્યવૃત્તિ/સહાય ના બીલ ઉપાડવા ગુજરાત તિજોરી ફોર્મ-૬૩ ના ફોર્મમાં તિજોરી કચેરીમાંથી નાણા ઉગવી શકે તે માટે હિસાબ અધિકારીશ્રી, જિલ્લા પંચાયતને છૂટછાટ આપવાની

થશે. શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયને સીધે સીધી લાભાર્થીના ખાતામાં જમા આપવાની હોઇ (DBT) સદર સ્કીમ પૂરતી છૂટછાટ આપવામાં હરકત સરખું નથી. જેને ગ્રાંટ ઇન એઇડ ટુ પંચાયત હેઠળની જોગવાઇઓમાં ફેરફાર કરવાનો રહેશે નહીં.આ અંગે નીચેની શરતો ને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) જિલ્લાપંચાયતના ઉપાડ અધિકારી/હિસાબી અધિકારી મારફતે DBT કરવા માટે ગ્રાન્ટ ફાળવણીનો ફ્લો સમાન રહેશે.પરંતુ ગ્રાંટની રકમ PLA ખાતામાં જમા કરવાને બદલે જિલ્લાપંચાયતના ઉપાડ અધિકારી/હિસાબી અધિકારી ગુજરાત તિજોરી ફોર્મ- ૬૩ માં બીલ બનાવી તિજોરી કચેરીમાં On line રજૂ કરી સીધા લાભાર્થીના બેંક ખાતામાં રકમ જમા આપશે. પરંતુ લાભાર્થીના નામ, બેંક ખાતા નંબરની સત્યતા માટે જિલ્લા પંચાયતની સમાજ કલ્યાણ શાખાના સમાજ કલ્યાણ અધિકારી હાલની પધ્ધતિની જેમ જ જવાબદાર રહેશે.

(૨) હાલ જિલ્લાપંચાયતોના હિસાબી અધિકારીને ગુજરાત તિજોરી નિયમ ફોર્મ-૬૨ સી તેમજ GPF તથા જૂથ વિમા યોજનાના બીલો તિજોરીમાંથી ઉપાડવાની સત્તા છે. આથી, શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાના બીલ ઉપાડવા ગુજરાત તિજોરી ફોર્મ-૬૩ ના ફોર્મમાં તિજોરી કચેરીમાંથી નાણા ઉગવી શકે તે માટે હિસાબી અધિકારીને છૂટ-છાટ આપવામાં આવે છે. શિષ્યવૃત્તિ/ સહાયને સીધેસીધી લાભાર્થીના ખાતામાં જમા આપવાની હોઇ (DBT) સદર સ્કીમ પુરતી છૂટછાટ આપવામાં આવે છે.

(૩) ઉક્ત (૨) મુજબ ગ્રાંટની રકમ PLA ખાતામાં જમા ન કરવાને બદલે સીધેસીધી તિજોરીમાંથી DBT કરવાનું થતું હોય, પંચાયત વિભાગે હાલના નિયમોમાં છૂટછાટ આપવાની રહેશે કે કેમ? તે અંગે પંચાયત વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

(૫) જિલ્લા પંચાયતે મેળવેલ ગ્રાંટની હિસાબી નોંધ/ઓડીટ તથા મેળવણા અંગેની કાર્યપધ્ધતિ નીરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબના પરામર્શમાં સુનિશ્ચિત કરવાની રહેશે.

(૬) બીલ તૈયાર કરવાની સુચિત પધ્ધતિ નીચે મુજબ છે.

ડીઝીટીલ ગુજરાત પોર્ટલમાંથી યોજનાવાર બીલ તૈયાર થઇ તમામ વિગતો જેમ કે લાભાર્થીના નામ, IFSC કોડ,બેંક એકાઉન્ટ નંબર, રકમ વગેરે સાથે Web Service થી IFMS માં આવશે અને તે બીલ જિલ્લા પંચાયતમાં શિષ્યવૃત્તિની કામગીરી સંભાળતી શાખાના કર્મચારીના IFMS ના Log in માં Departmental Bill તરીકે દેખાશે. સબંધિત કર્મચારી બીલની ચકાસણી કરી તે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (જિ.પં) ને વેરીફાઇ કરવા મોકલશે. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી દ્વારાબીલની ચકાસણીકરી મંજુર કરી જિલ્લા પંચાયતના હિસાબી અધિકારીને તિજોરીકચેરીમાં બીલ રજુ કરવા અર્થે મોકલશે. જિલ્લા પંચાયતના હિસાબી

અધિકારીદ્વારા બીલ IFMS માં Approve કરી જિલ્લા તિજોરી કચેરીને મોકલવામાં આવશે. અને હાલની ઇ-પેમેન્ટની પધ્ધતિ મુજબતમામ લાભાર્થીઓના બેંક ખાતામાં રકમ જમા આપવાની રહેશે.

(૭) આ કામગીરી સમયમર્યાદામાં કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૧૬-૦૫-૨૦૧૭ ની અનુમતિથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધનશ્યામસિંહ મકવાણા )
સેક્શનઅધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સિચવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિમાર્ણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સામાન્ય વહીવટ વિભાગ,આયોજન શાખા,સચિવાલય,ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/ રાજકોટ
નિવાસી ઓર્ડાટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, જિલ્લા પંચાયત(નિયામકશ્રી, અ.જા.ક મારફત )
નિયામકશ્રી, હિસાબી અને તિજોરીની કચેરી,ગુજરાતરાજય, ગાંધીનગર
સર્વે હિસાબી અધિકારીશ્રીઓ, જિલ્લા પંચાયત
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી/પેટા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, અ.જા.ક મારફત )
સર્વે નાયબ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણનીકચેરીઓ( નિયામકશ્રી, અ.જા.ક મારફત)
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) (નિયામકશ્રી, અ.જા.ક મારફત )
વિભાગની સર્વે શાખાઓ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સેકશન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ (સા.ન્યા) વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી
સિલેક્ટ ફાઇલ